બાયડ પોલીસ સ્ટેશનની હદમાં મુસાફરોને મોતની મુસાફરી કરાવી ખિસ્સાં ભરવાનો ખેલ

જિલ્લા પોલીસ વડા કોરોનાથી સંક્રમિત થઈ હોમ ક્વોરન્ટાઈન થતાં ભ્રષ્ટ પોલીસ એક્શનમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

હોળી-ધૂળેટી પર્વના કારણે અમદાવાદ-ગાંધીનગરમાં મજૂરી કરતા દાહોદ, પંચમહાલ, ગોધરાના શ્રમજીવીઓએ વતનની વાટ પકડી છે ત્યારે લક્ઝરી બસમાં કોરોનાને નિમંત્રણ

આપવાની સાથે ટ્રાફીકના નિયમોનું જગજાહેર ઉલ્લંઘન કરી ૧૩૦ થી વધુ મુસાફરોને બેસાડીને દોડતા વાહનોએ બાયડ, આંબલિયારા અને સાઠંબા પોલીસની નિયત ઉપર સવાલ ઉભા કર્યા છે. બાયડ પોલીસ સ્ટેશનની હદમાં મુસાફરોને મોતની મુસાફરી કરાવી ખિસ્સાં ભરવાનો ખેલ શરૂ થયો છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત કોરોનાથી સંક્રમિત થઈ હોમ આઈસોલેશન થયા છે ત્યારે ભ્રષ્ટ પોલીસને મજા પડી હોય તેમ પૈસા ખંખેરવા માટે મેદાનમાં આવી ગઈ છે.

બાયડ પોલીસ સ્ટેશનમાં કેટલાક કર્મીઓ ફરજ પાલનના બદલે દારૂના અડ્ડા સહિત અનેક ગેરકાયદે ધંધો કરતા ઈસમોના ત્યાં જ આંટાફેરા મારતા જોવા મળી રહ્યા છે. આજે પણ દારૂબંધી હોવા છતાં બાયડ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા દારૂના અડ્ડાવાળાઓ પાસેથી ઉઘરાણા થતા હોવાની ગરમા ગરમ લોકચર્ચાએ પોલીસની ગરીમાને નુકસાન પહોંચાડ્યું છે. છેલ્લા ૨ દિવસથી સવાર, બપોર, સાંજ ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતી વાદળી કલરની સેમી લક્ઝરી બસ ચર્ચામાં છે. કારણ કે લક્ઝરી બસની અંદર અને છાપરા ઉપર પણ ઠાંસી ઠાંસીને મુસાફરો ભરવામાં આવે છે. ત્રણેય પોલીસ સ્ટેશનની હદમાંથી બસ પસાર થાય એટલે કોઈ પોલીસ રોડ ઉપર હોય તો ડ્રાઈવરને સલામ મારતા જોઈ શકાય છે. ત્યારે સવાલ એ થાય છે કે પેસેન્જર રીક્ષામાં ૩ ના બદલે ૫ પેસેન્જર હોય તો બાયડ પોલીસ દંડ ફટકારવાની ધમકી આપે છે ત્યારે તસવીરમાં દેખાતી લક્ઝરી બસમાં જે રીતે કોવિડ-૧૯ ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન, ટ્રાફીકના નિયમનું ઉલ્લંઘન છતાં કેમ બેરોકટોક વાહનને પસાર કરવામાં આવે છે..?? ગાંધીનગર રેન્જ આઈ.જી. દ્વારા બાયડ પોલીસ સ્ટેશનની હદમાંથી જોખમી મુસાફરી કરાવતા વાહન ચાલકો સામે સીધી જ કાર્યવાહી થાય તો ગેરકાયદે મુસાફરોની હેરાફેરી ઉપર અંકુશ આવી શકે છે.

અગાઉ પોલીસે માત્ર ૧૦ વધુ મુસાફરોની પાવતી આપી સંતોષ

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં સદર લક્ઝરી બસમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો હતા અને આ અંગે બાયડના મહિલા પોલીસ અધિકારીને જાણ કરતાં ઠાંસી ઠાંસીને ૯૦ મુસાફરો હોવા છતાં માત્ર ૧૦ વધુ મુસાફરોની પાવતી આપી સંતોષ માન્યો હતો. ટૂંકમાં દર મહિને બાંધવામાં આવેલા હપ્તારાજના કારણે લક્ઝરી ચાલકને જેટલાં મુસાફરો ભરીને દોડવું હોય તે ભરીને દોડવાનો પરવાનો તો આપવામાં આવ્યો નથી ને..??

બાયડ મામલતદાર દ્વારા જમીનના કેસમાં મોટાપાયે ખોટું થયાની આશંકા

પ્રાંત કચેરી સુધી છાંટા ઉડવાની સંભાવના : મામલો ગાંધીનગરના દરબારમાં પહોંચ્યો, તમામ કેસોની તપાસ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ મામલતદાર કચેરીમાં વિવાદીત જમીનના જે પણ કંઈ કેસ ચાલ્યા છે તેમાં આર્થિક વ્યવહારોથી મોટાપાયે ખોટું થયાની લોકચર્ચા છેલ્લા ૧ વર્ષથી ચાલતી હતી. આ મામલે એક અરજદાર દ્વારા ગાંધીનગરના દરબારમાં ફરિયાદ કરી છે. તમામ કેસોની ઝીણવટ ભરી તપાસ થાય તો મામલતદાર કચેરીમાં ચાલતું મહાકૌભાંડ પ્રકાશમાં આવી શકે છે અને પ્રાંત કચેરી સુધી પણ છાંટા ઉડવાની સંભાવના છે.

બાયડ મામલતદાર કચેરીમાં વચેટીયાઓ અને વહીવટદારોનો તોટો નથી. કોઈ સામાન્ય કામ હોય તો મામલતદાર પછી આવે પરંતુ વચેટીયા અને દલાલો તમે કહો તે પ્રકારે તરફેણમાં કેસ કરી આપવાની વાતો કરતા હોય છે. આમાં કેટલું સત્ય છે, કેટલું અસત્ય છે તે બહાર આવ્યું નથી પરંતુ જે કોઈ ફરિયાદીઓના કેસ મામલતદાર-બાયડની કોર્ટમાં ચાલ્યા છે તે પૈકીના અનેક અરજદારોએ નારાજગી વ્યક્ત કરી છે. બાયડ તાલુકાના પશ્ચિમગાળાના બે ખેડૂતોએ અતિગંભીર આક્ષેપ સાથે જરૂર પડે કોર્ટમાં જવાની પણ આડકતરી ચીમકી ઉચ્ચારી છે. બાયડ મામલતદાર દ્વારા ચલાવાતા કેસ અને લેવાતા નિર્ણય યોગ્ય હોય તો પણ એક પછી એક ખોટું થતું હોવાની ફરિયાદો બહાર આવતી હોય તો તેમાં ઘણું બધું તથ્ય છે. મામલતદાર કચેરી દૂધે દોહ્યેલી હોય તો શા માટે સી.સી.ટીવી કેમેરા બંધ રાખી વચેટીયા અને દલાલોને છાવરી રહી છે.

ધો.૧૦નું ગણિતનું પેપર વાયરલ થતા શિક્ષણ વિભાગ હરકતમાં

બનાસકાંઠા શાળા વિકાસ સંકુલનું ધો.૧૦નું ગણિતનું પેપર વાયરલ થતા શિક્ષણ વિભાગ દોડતું થયું હતું. પરીક્ષાના એક દિવસ પૂર્વ ગણિતનું પેપર લીક થયું હતું. જેને લઈ જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારીએ તમામ શાળાઓમાં તપાસ હાથ ધરી છે. જોકે બુધવારે લેવાનાર ગણિતની પરીક્ષાનું પેપર શિક્ષણ વિભાગ દ્વારા બદલી દેવાનો આદેશ કરાયો હતો.

બનાસકાંઠામાં સોશિયલ મીડિયા ઉપર ધોરણ ૧૦ નુ ગણિત નું પેપર વાયરલ થતાં અનેક તર્કવિતર્ક વહેતા થયા હતા. બુધવારે યોજાનાર ગણિતની પરીક્ષા પૂર્વે જ પેપર વાઈરલ થયું હતું. ગણિતનું પેપર વાયરલ થતાં શિક્ષણ વિભાગની પોલ સામે આવી હતી. અને શિક્ષણ વિભાગ દોડતો થયો હતો.

જિલ્લા શિક્ષણ અધિકારીએ ત્વરિત પેપર બદલવાનો નિર્ણય લઈ અને શાળાઓને વાઈરલ થયેલા પેપરને બદલે અલગ પેપર બનાવી પરીક્ષા લેવાની સૂચનાઓ આપી હતી. જોકે શિક્ષણ અધિકારીએ ટિમો બનાવી અને પેપર લીક મામલે તમામ શાળાઓમાં તપાસ કરવાના આદેશ આપ્યા છે.

સમાચાર રફ્તાર

- વડોદરાના મેયર કેયુરભાઈ રોકડીયા અને રાજકોટના વિપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા કોરોનાથી સંક્રમિત.
- મધ્યપ્રદેશના વધુ ચાર જિલ્લામાં લોકડાઉન અમલી.
- સીરમ ઈન્સ્ટીટ્યુટે કોરોના વાયરસની રસીના નિકાસ પર તાત્કાલિક મનાઈ ફરમાવી.
- શ્રીનગરના લાવાપોરા વિસ્તારમાં સીઆરપીએફ કાફલા પર આતંકી હુમલો બે જવાન સહીદ.
- ગુજરાતમાં શબે બારાતની ઉજવણી માટે માર્ગદર્શિકા જાહેર.
- જામનગરના ભૂમાફિયા જયેશ પટેલની વધુ ૨૮ દિવસ કસ્ટડી.
- આજે ભાજપ સંસદીય બોર્ડની મુખ્યમંત્રી નિવાસસ્થાને બેઠક.
- અભિનેતા આર. માધવન કોરોનાથી સંક્રમિત.
- લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી સ્થગિત.
- વડોદરા ઈન્કમટેક્ષ ઓફિસના ૨૦ થી વધુ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- પેટ્રોલ-ડીઝલમાં બીજા દિવસે પણ ભાવ ઘટ્યા.
- જર્મનીમાં લોકડાઉન ૧૮ એપ્રિલ સુધી લંબાવાયુ.
- ભારત-પાકિસ્તાન વચ્ચે ટી-ટ્વેન્ટી ક્રિકેટ રમાવવાની શક્યતા.
- આબુ જતા ગુજરાતીઓ માટે આરટીપીસીઆર નેગેટીવ જરૂરી.
- સાબરમતી જેલમાં નમાઝ પઢવા બાબતે કેદીઓ વચ્ચે મારામારી.
- અમદાવાદ આઈઆઈએમમાં ૨૬ કોરોના પોઝીટીવ.
- એનસીપીએ આઈપીએસ ઓફિસર રશ્મી શુકલ સામે તપાસ યોજવા માંગણી કરી.
- આઈસીઆઈસીઆઈ બેંકના ભૂતપૂર્વ સીઈઓ ચંદા કોચરના પતિ દિપક કોચરને જામીન.
- દેશમાં ફેબ્રુઆરીમાં દૈનિક ૪૦ કિ.મી.ના હાઈવે નિર્માણ થયા.
- લડાખમાં ૩.૫ ની તીવ્રતાવાળો ભૂકંપ.
- હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં ગેરરીતિની તપાસ ઉચ્ચ શિક્ષણ નિયામકને સોંપાઈ.
- કચ્છ યુનિવર્સિટીમાં કોરોના સંક્રમણ વધતા ચાર દિવસ માટે શૈક્ષણિક અને વહીવટી કામગીરી બંધ કરાઈ.

બાયડના સ્ટેશન વિસ્તારમાં એક જ પરિવારમાં ૩ કોરોના પોઝિટિવ

સ્થિતિ વધુ વિકટ બની રહી છે, પ્રજા સાવધાની રાખે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડના સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં એક જ પરિવારના ૩ સભ્યોને કોરોના પોઝિટિવ આવતાં હલચલ મચી છે. બાયડની પ્રજા સાવધાની નહીં રાખે તો સ્થિતિ વધુ વિકટ બનવાની પૂરેપૂરી દહેશત છે.

જિલ્લામાં કોરોનાનો અજગરી ભરડો સતત આગળ વધી રહ્યો છે. મોડાસા પછી બાયડ કોરોનાનું હોટસ્પોટ બન્યું છે. અનેક લોકો કોરોના હોવાની બીકે ટેસ્ટ કરાવવાનું ટાળી રહ્યા છે પરંતુ તે જ સમગ્ર બાયડને મુશ્કેલ સ્થિતિમાં મૂકી શકે છે. બાયડના સ્ટેશન વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા એક જ પરિવારના ૩ જણનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતાં આસપાસના રહીશોમાં વધતા કોરોના સંક્રમણથી દહેશતનો માહોલ છે. બાયડના વેપારીઓએ પણ હવે સાવધાની રાખવાની જરૂર છે. માસ્ક પહેર્યા વગર ખરીદીમાં આવતાં ગ્રાહકોને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો અમલ કરવા માટે ફરજ પાડવી પડશે અન્યથા બાયડમાં પણ સ્થાનિક લૉકડાઉન અમલ કરવું પડે તેવી પૂરી સંભાવના છે.

જિલ્લામાં કેરીની સીઝન જામી નથી ત્યાં છૂટક રસનું વેચાણ શરૂ

દેશી કેરી આંબાની ડાળે ઝૂલે, મિલાવટી રસની બોલબાલા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દેશી કેરીઓ હજુ આંબાની ડાળીએ ઝૂલી રહી છે. કેસર કેરીની સીઝન બજારમાં જામી નથી ત્યાં છૂટક કેરી રસનું વેચાણ શરૂ થતાં આશ્ચર્ય ઉભું થયું છે. શરૂઆતથી જ મિલાવટી રસની બોલબાલાથી કેરી રસના શોખીનો બિમારીનો ભોગ બની શકે છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એસેન્સ તેમજ પપૈયાના પલ્પથી તૈયાર કરવામાં આવતા અખાદ્ય રસને કેરી રસમાં ખપાવી દેવા માટે ચોક્કસ તત્વો મેદાને પડ્યા છે.

કાળઝાળ ઉનાળાની શરૂઆત સાથે હલકી ગુણવત્તાના ઠંડા પીણાંની હાટડીઓ ધમધમી ઉઠી છે. ફુડ વિભાગ સેમ્પલ લેવાઈ રહ્યા છે તેવી જૂની પુરાણી કેસેટ વગાડી જવાબદારીનો ગાળીયો કાઢવાના પ્રયાસો કરવા લાગ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી બંન્ને જિલ્લામાં ફળ બજારમાં તોતાપૂરી કેરીનું આગમન થતાં કીલો દીઠ ભાવ રૂા.૧૬૦ છતાં સ્વાદ શોખીનો કેરી આરોગવા લાગ્યા છે પરંતુ રસ માટે પ્રખ્યાત કેસર કેરી બજારમાં હજુ આવી નથી તેમ છતાં કેરી રસનું વેચાણ શરૂ થયું છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની સીઝનમાં દેશી કેરીના રસનું વધુ ચલણ રહેતું હોવાતું રસના શોખીનો દેશી કેરીની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે જેમાં આંબા ઉપર કેરીઓ હજુ ડાળે ઝૂલે છે અને ફળ પરીપકવ થતાં હજુ ઘણો સમય નિકળી શકે તેમ હોવા છતાં પ્રજાને મિલાવટી રસ પધરાવનારાઓ મેદાનમાં આવી ગયા છે.

આંબાની ડાળે ઝૂલતી દેશી કેરીઓ..

જિલ્લામાં ઉનાળાની સીઝનમાં કેરીના રસનું વધુ વેચાણ થતું હોવાથી લેભાગુ તત્વો પ્રજાને ભળતો રસ પધરાવતા હોય છે. કેરીની સીઝન જામી નથી છતાં બજારમાં શુદ્ધ રસના નામે મિલાવટી રસનું વેચાણ શરૂ થયું છે તો ગ્રામ્ય વિસ્તારોમાં રસ માટે જાણીતી દેશી કેરીઓ હજુ આંબાની ડાળે ઝૂલતી નજરે પડે છે. જેના કારણે પ્રજાને પધરાવાતા રસની ગુણવત્તા સામે આશંકાઓ ઉભી થઈ છે.

જિલ્લામાં ફળ બજારમાં હજુ સુધી કેરીની ભરપૂર સીઝન જામી નથી તેમ છતાં છૂટક તેમજ પેકીંગમાં કેરીના રસનું વેચાણ શરૂ થતાં પ્રજાના આરોગ્ય સાથે છડેચોક ચેડાં થતાં હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ઉનાળાના આરંભે મિલાવટખોરોને છૂટો દોર મળવા લાગ્યો છે જેના કારણે કેરી રસ તૈયાર કરવા માટે આરોગ્ય માટે જોખમી એવા એસેન્સ તેમજ પપૈયાના પલ્પથી તૈયાર કરાયેલા મિશ્રણને કેરીના રસમાં ખપાવવાનું શરૂ થયું છે. તો બીજી તરફ ફુડ વિભાગ માત્ર સેમ્પલની કામગીરી ચાલી રહી છે તેવું કહી જવાબદારીથી હાથ ઉંચા કરી રહ્યું છે.

ધરમેડાકંપામાં તબેલામાં આગ ભભૂકી, ગાયનું મોત

અન્ય પશુનો બચાવ, વિજ તંત્રની બેદરકારી સામે હવે પશુપાલકોમાં આક્રોશ

બાયડ, આકરૂન્દ, તા.૨૫

બાયડ તાલુકાના આકરૂન્દ નજીકના ધરમેડાકંપામાં પરોઢે તબેલામાં શોર્ટસર્કીટ થવાથી આગ

ભભૂકી ઉઠતાં પશુપાલક દિપકભાઈ સોમાભાઈ પટેલની ગાયનું દાઝી જવાથી મોત નિપજ્યું હતું. આગના લબકારા જોઈ પશુઓ ભાંભરતાં દોડી આવેલા અન્ય લોકોએ ૭ જેટલા પશુઓને બચાવી લીધા હતા. વિજ તંત્રની બેદરકારીથી ખેડૂતો પછી પશુપાલકોમાં રોષ વ્યાપ્યો છે. સ્થાનિક ગ્રામજનોએ પાણીનો છંટકાવ કરી આગને અડધો કલાક પછી કાબુમાં લીધી હતી.

જિલ્લામાં આગજનીની ઘટનાઓએ ખેડૂતોની ઉંઘ હરામ કરી દીધી છે. મોટાભાગના કિસ્સાઓમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીની બેદરકારીથી ખેડુતો પાયમાલ થયાના આક્ષેપ થઈ રહ્યા છે. ગુરૂવારે સવારે ધરમેડાકંપાના દિપકભાઈ સોમાભાઈ પટેલના તબેલામાં શોર્ટસર્કીટના કારણે આગ ભભૂકી અને જોત જોતામાં તબેલો રાખમાં ફેરવાઈ ગયો. જે દરમ્યાન આગની ઝપેટમાં આવેલો મલબો ગાય ઉપર પડતાં દાઝી જવાથી ગાયનું મોત નિપજયું હતું. જયારે અન્ય પશુઓને બચાવી લેવામાં આવ્યા હતા. વિજ તંત્રની બેદરકારીથી રૂા.૫૦ હજારની ગાય ગુમાવવાનો વારો આવતાં કોરોનાકાળમાં પશુપાલકના માથે આફત આવી પડી છે. વિજ તંત્રની બેદરકારીથી હાદસો બન્યો હોવાથી વળતર ચૂકવવાની પણ માંગ થઈ છે.

જિલ્લાની શાળાઓમાં આચાર્યની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન

શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવે પરીપત્ર કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૨ વર્ષ અગાઉ આચાર્યની ભરતી કરવામાં આવી હતી. કેટલીક શાળાઓમાં આચાર્યની નિયુક્તિ થઈ શકી નથી જેથી હવે રાજ્યના શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા આચાર્યની ભરતી માટે અભિરૂચિ કસોટી (એચ.મેટ) પરીક્ષાના આયોજન માટે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને પત્ર લખ્યો છે.

બોર્ડ પરીક્ષા આવે એટલે ઈન્ચાર્જ આચાર્ય અને કાયમી આચાર્યનો ભેદ ડી.ઈ.ઓ. કચેરી જોવા લાગતી હોય છે આ માત્ર અરવલ્લી જિલ્લાનો પ્રશ્ન નથી સમગ્ર રાજ્યમાં આવી સ્થિતિ છે. રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા આચાર્યની ભરતી બાબતે શિક્ષણ વિભાગ સમક્ષ યોગ્ય રજૂઆતો પછી સ્થાનિક મંડળના ૨ પ્રતિનિધિઓને ગુણાંકન માટે સંમતિ આપી હતી અને ત્યારબાદ શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રીયા શરૂ કરવામાં આવી. પરંતુ કેટલીક શાળાઓમાં આચાર્ય મળી શક્યા ન હતા અને હવે ફરી એકવાર આચાર્ય વગરની શાળાઓમાં આચાર્યની નિયુક્તિ માટે શિક્ષણ વિભાગ સજ્જ બન્યો છે અને આચાર્ય અભિરૂચિ કસોટીનું આયોજન કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડને વિગતવાર પત્ર કર્યો છે. અભિરૂચિ કસોટીનું આયોજન કર્યા પછી ભરતી કરવા અંગેની કાર્યવાહી કરવા નિયામક શાળાઓની કચેરીને જણાવવામાં આવે છે. બંન્ને કચેરીઓ એકબીજાના પરામર્શમાં રહીને કાર્યવાહી કરવા પણ જણાવી દીધું છે.

વિધાનસભામાં...

પીક ઉપર હશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લોકડાઉનના યોગ્ય પરિણામ આગામી મહિનાથી જોવા મળશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ભારતમાં બુધવારે નોંધાયેલા નવા કેસના આંકડાએ ૫ મહિના જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. બુધવારે દેશમાં ૫૩,૩૬૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ પહેલા દેશમાં ૨૩ ઓક્ટોબરના રોજ ૫૪,૩૫૦ કેસ એક જ દિવસમાં નોંધાયા હતા.

દૈનિક કેસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧ લાખ ૬૦ હજાર ૭૨૬ સુધી પહોંચી ચૂક્યો છે.

દેશમાં સૌથી વધારે ભયાવહ સ્થિતિ મહારાષ્ટ્રની છે. અહીં ૨૪ જ કલાકમાં ૩૧ હજારથી વધારે કોરોના કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં લગભગ દરરોજ કોરોના નાવયરના નવા કેસ પોતાના જ જુના રેકોર્ડ તોડી રહ્યો છે. પરિણામે રાજ્યના અનેક શહેરોમાં સંપૂર્ણ લોકડાઉન લગાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં હવે એક્ટિવ કેસની સંખ્યા પણ વધીને અઢી લાખે પહોંચી ગઈ છે. આ સંખ્યા દેશના તમામ રાજ્યોમાં સૌથી વધારે છે.

ભારતમાં કોરોના વાયરસના દૈનિક કેસમાં મે ૨૦૨૦ બાદ સૌથી વધુ તેજી જોવા મળી છે. ગત એક અઠવાડિયામાં ભારતમાં દરરોજ સરેરાશ ૪૨૧૬૨ નવા કેસ સામે આવ્યા છે, જે ૨૮ નવેમ્બર ૨૦૨૦ બાદથી સૌથી વધુ સાપ્તાહિક સરેરાશ છે. ગત અઠવાડિયે આ સંખ્યા ૨૫૧૩૭ હતી. ગત અઠવાડિયાની તુલનામાં આ અઠવાડિયે દરરોજ ૭.૭% વધુ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં કોવિડ ૧૯ના દૈનિક કેસ ફક્ત ૧૧ દિવસમાં ૨૦ હજારથી ૪૨ હજાર પહોંચી ગયા છે, જ્યારે પહેલી લહેર દરમિયાન ૩ જુલાઈ અને ૨૪ જુલાઈ દરમિયાન ૨૦,૦૦૦ થી ૪૨,૦૦૦ સુધી પહોંચવામાં ૨૧ દિવસની તુલમાં ૧૦ દિવસ બાકી છે.

રેલવે બોર્ડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમ નથી. જયારે ગાંધીનગર પ્રાંતિજ રેલવે લાઈન નવી નાંખવા માટે શહેર વસાહત મહામંડળની માગણી અન્વયે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ રેલવે બોર્ડ દ્વારા આ યોજનાને હાલ પુરતી પડતી મુકવામાં આવી છે. જેના લીધે હવે ગાંધીનગર પ્રાંતિજ વચ્ચે નવી રેલવે લાઈન શરૂ કરવામાં આવશે નહી. આ ઉપરાંત અમદવાદા ખોડિયાર કલોલ લાઈનને ડબલ કરવાના સુચનનો પણ સ્વીકાર કરવામાં આવ્યો નથી. આ લાઈન તેની ક્ષમતા મુજબ ન હોવાથી બીજી લાઈન નાંખવાનો વિચાર કરવાનો પ્રશ્ન નથી તેમ પણ પત્ર દ્વારા જણાવાયુ છે. રેલવે બોર્ડ દ્વારા નવા સુચનોનો સ્વીકાર કરવામાં આવ્યો નથી જયારે નવી યોજના પણ નગરને આપવા કોઈ આયોજન કર્યુ ન હોવાનુ પત્રના માધ્યમથી જણાંવ્યુ છે. મહામંડળના પ્રમુખે અમદાવાથી ઉપડતી અને મહેસાણા અને આબુરોડ , પાટણ જતી મેમુ ટ્રેઈને વાયા ગાંધીનગર કરવા માટે પણ રજુઆત કરી છે. મહામંડળના મયુર વ્યાસ, કીશોર જીકાદરા, પ્રદીપ સોલંકીએ પણ નવી ટ્રેઈન ફાળવવા માટે રજુઆત કરી છે.

પેટ્રોલીંગ કરશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમજ કુમળા રોપાઓ માટે પણ નુકશાનકારક પુરવાર થાય છે. આ ઉપરાંત પ્રદુષણની સમસ્યા પણ વિકરાળ બને છે. શહેરમાં છેલ્લા બે મહીનાથી સુકા પાંદડામાં આગ લગાવાની ઘટના વધુ બને છે. જેના લીધે ગઈકાલે પણ વિધાનસભા નજીક ગેટ નં-૭ પાસે પોલીસ ચોકી ભડકે બળી હતી જો કે આગ લગાડનાર શખ્સને ઝડપી લેવાયો છે. પરંતુ હાલ પણ રોજબરોજ સેકટરોમાં આ પ્રકારની ઘટના અસ્તિત્વમાં આવતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ વધ્યો છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. ગ માર્ગ પર સે-૫ માં આજે ઝાડી વિસ્તારમાં અચાનક આગ લાગી હતી. સેકટરની હરિયાળી વચ્ચે વૃક્ષોની આસપાસ પથરાયેલા સુકા પાંદડાઓ સળગાવતા આગ વધુ પ્રસરી હતી. આ અંગે ફોરેસ્ટરને જાણ થતા ફાયરબ્રિગેડની મદદથી આગને કાબુમાં લઈ હરિયાળીને નુકશાન થતુ અટકાવાયુ હતુ. સેકટરોમાં વારંવાર બનતી આવી ઘટનાને અનુલક્ષીને વનતંત્ર દ્વારા પણ સેકટરોમાં સતત પેટ્રોલીંગ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. વનતંત્રની એક ટીમ આ મામલે સેકટરોમાં પેટ્રોલીંગ કરશે જયારે આ દરમિયાન આ મુજબની હરકત કરતા તત્વો સામે યોગ્ય કાર્યવાહી કરશે.

સેનામાં મહિલાઓને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યોગ્ય મહિલા અધિકારીઓને ૨ મહિનાની અંદર પોસ્ટિંગ આપવાનો નિર્દેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે એસીઆર એટલે કે સર્વિસનો ગોપનીય રેકોર્ડ જાળવી રાખવાની પ્રક્રિયા વધુ પારદર્શી થાય, તેના મૂલ્યાંકનની પ્રક્રિયા નવેસરથી નક્કી કરવામાં આવે જેથી કોઈ અધિકારી સાથે ભેદભાવ ન થાય. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૦માં આપવામાં આવેલ પોતાના ચુકાદા છતાં સેનામાં અનેક મહિલા અધિકારીઓને ફિટનેસ અને અન્ય યોગ્યતા અને શરતો પૂર્ણ કરવા છતાં સ્થાયી કમિશન ન આપવાને ખોટું ગણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે દિલ્હી હાઈકોર્ટે આ મુદ્દે ૨૦૧૦માં પહેલો ચુકાદો આપ્યો હતો, ૧૦ વર્ષ વીતવા છતાં મેડિકલ ફિટનેસ અને શરીરના આકારના આધારે સ્થાયી કમિશન ન આપવું યોગ્ય નહીં. આ ભેદભાવપૂર્ણ અને અનુચિત છે.

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૩૧-૧૨-૨૦ની સ્થિતિએ રમત-ગમતનુ મેદાન બનાવવાની કામગીરી પ્રગતિમાં નથી.

● **મસાલાના પાકોના ઉત્પાદન વૃદ્ધિ માટે સહાય**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં મસાલાના પાકોના ઉત્પાદન વૃદ્ધિ માટે તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી છે ? તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૦૦૬ ખેડૂતોને રૂ. ૬૨,૮૨,૨૦૬ ની સહાય ચુકવવામાં આવી.

તાલુકાવાર જોઈએ તો દહેગામમાં ૭૯૫ ખેડૂતોને રૂ. ૪૯,૬૩,૩૦૫, ગાંધીનગરમાં ૧૫ ખેડૂતોને ૯૫,૬૨૫ રૂ., માણસામાં ૧૯૫ ખેડૂતોને ૧૨,૧૬,૬૭૬ અને કલોલમાં ૧ ખેડૂતને રૂ. ૬,૬૦૦ ની સહાય ચુકવવામાં આવી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯-૨૦માં દહેગામમાંથી ૩૩૯૦, ગાંધીનગરમાંથી ૬૩, માણસામાં ૫૬૮ અને કલોલમાં ૨ એમ કુલ ૪૦૨૩ ખેડૂતોની અને ૨૦૨૦-૨૧માં દેગામમાંથી ૧૫૩૫, ગાંધીનગરમાંથી ૧૪, માણસામાં ૧૪૩ અરજીઓ મળી કુલ ૧૬૯૨ અરજીઓ મળી હતી.

મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯માં ૮૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી જ્યારે ૨૦૨૦માં ૧૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. તેમણે જણાવ્યુ હતુ કે મસાલા પાકોના ઉત્પાદન વૃદ્ધિ માટે સહાય ચુકવવામાં ગેરરીતિ થયા અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી.

● **કુટિર ઉદ્યોગ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં કાર્યરત કુટિર ઉદ્યોગો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯ માં ૫૮૩ અને ૨૦૨૦માં ૮૦૩ કુટિર ઉદ્યોગો કાર્યરત છે.

જેમાં ૩૪૯ ઉદ્યોગ, ૧૪૫ સેવા અને ૮૯ વેપાર પ્રકારના ૨૦૧૯ માં કાર્યરત હતા જ્યારે ૨૦૨૦માં ઉદ્યોગ ૬૦૨, સેવા પ્રકારના ૬૨ અને વેપાર પ્રકારના ૧૩૯ કુટિર ઉદ્યોગો કાર્યરત હતા.

આ સ્થિતિએ આ કુટિર ઉદ્યોગો થકી જિલ્લામાં ૨૦૧૯માં ૫૮૩ અને ૨૦૨૦માં ૮૦૩ મળી ૧૩૮૬ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે.

● **અને છેલ્લે...**

રાજ્યની સહકારી ટ્રીબ્યુનલમાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૧૬૪૩ કેસો પડતર છે તેમ સહકાર મંત્રીએ કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે. તેમણે જણાવ્યુ છે કે આ પૈકી ૩ વર્ષ કે તેથી વધુ સમયથી ૧૩૪૭ કેસો પડતર છે. સરકાર ટ્રીબ્યુનલમાં બે સભ્યની બનેલી એક એવી બે બેન્ચની રચના પણ કરી છે.